# <u>જાહેરનામું</u>

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક:ગ/ઉપક/ટ્રાફિક/૧૦/૨૦૧૮**

**તા.૨૨/૦૨/૨૦૧૮**

હું એ.કે.સિંઘ,I.P.S., પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ (૩૩) (૧) (બી) (સી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ડાકોર પગપાળા દર્શનાર્થે જતા યાત્રાળુઓની સલામતિ જળવાઈ રહે તે માટે તથા માર્ગ અકસ્માતો અને જાનહાની ટાળવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

**<u>હુકમ</u> :-**

આગામી તા.૨૩/૦૨/૨૦૧૮ થી તા.૦૧/૦૩/૨૦૧૮ દરમિયાન ડાકોર ખાતે ફાગળસુદ પુનમનો મેળો ભરાનાર હોઈ વધુ પડતા યાત્રાળુઓ અમદાવાદ શહેરથી હાથીજણ સર્કલ થઈ હીરાપુર ચોકડી તરફથી ડાકોર પગપાળા દર્શનાર્થે જતા હોય છે. ડાકોર પગપાળા દર્શનાર્થે જતાં દર્શનાર્થીઓને વાહનોની અવર-જવરને કારણે અકસ્માતો અને જાનહાની થવાનો સંભવ રહે છે. જેથી સદરહું રુટ ઉપર જતા-આવતા વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

**<u>પ્રતિબંધિત માર્ગ</u> :**

**(૧)** હાથીજણ સર્કલથી હિરાપુર ચોકડી થઈ ડાકોર તરફ જતા રોડ ઉપરે તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે તા.૨૩/૦૨/૨૦૧૮ થી તા.૦૧/૦૩/૨૦૧૮ સુધી પ્રતિબંધિત રહેશે.

**(૨)** જશોદાનગર ચાર રસ્તાથી હાથીજણ સર્કલ સુધીનો માર્ગ તા.૨૩/૦૨/૨૦૧૮ થી તા.૦૧/૦૩/૨૦૧૮ સુધી તમામ પ્રકારનાં ભારે વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત રહેશે.

**વૈકલ્પિક માર્ગ :** અમદાવાદ હાથીજણ સર્કલથી તમામ વાહનવ્યવહાર રીંગરોડ બન્ને તરફ ડાયવર્ટ થઈ એક્સપ્રેસ હાઈવે તથા અસલાલી રીંગરોડ તરફ આવ-જા કરી શકશે અને જશોદાનગર થી તમામ વાહન વ્યવહાર એક્સપ્રેસ વે તરફ તથા નારોલ સર્કલ તરફ આવ-જા કરી શકશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ,એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન તેમજ પદયાત્રીઓની સુખાકારી માટે જે વાહનો જાય તે વાહનોને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૨૨/૦૨/૨૦૧૮ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી તા.૦૧/૦૩/૨૦૧૮ ના કલાક ૨૪.૦૦ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઈસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં પોલીસ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૨૨/૦૨/૨૦૧૮ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police Ahmedabad

તા. ૨૨ /૦૨/૨૦૧૮
અમદાવાદ શહેર

( એ.કે.સિંઘ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**<u>નકલ સવિનય રવાના</u> :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.